| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GJJM010035072024<br>11202030230609 | सत्यमेव जयते | દાખલ તારીખ | : | ૧૧/૦૯/૨૦૨૪ | | |
| | | નોંધ્યા તારીખ | : | ૧૧/૦૯/૨૦૨૪ | | |
| | | ફેસલ તારીખ | : | ૦૪/૦૬/૨૦૨૬ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૧ | ૦૮ | ૨૪ |

**નામદાર સુપ્રીમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર-VIનાં 179A અન્વયેનાં નોટિફિકેશન નં. સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨નાં ઠરાવેલા પ્રફોર્મા મુજબ**

**ફોર્મ–એ**

**જામનગરના વિશેષ (પોક્સો) ન્યાયાધીશ અને અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**

**ચુકાદા તારીખ:૦૪/૦૬/૨૦૨૬**

**સ્પે.(પોક્સો) કેસ નં. ૪૮/૨૦૨૪**

**આંક–૭૫**

(કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૩૦૨૩૦૬૦૯/૨૦૨૩)

| | |
|---|---|
| **ફરિયાદી** | **ધ સ્ટેટ ઓફ ગુજરાત** |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર. | **શ્રી બી.વી.વાદી** |
| **આરોપી** | **સંજય ઉર્ફે. સંજુ સ.ઓ. દિતાભાઇ ઉર્ફે દિલીપભાઇ ભુરાભાઇ મોહનીયા,**<br>ઉ.વ.૨૯, ધંધો–મજૂરી,<br>રહે.હાલ રાવકીગામ, સુરપી ગેટ પાસે, ઝુંપડામાં, તા.લોધિકા, જિ.રાજકોટ<br>મુળ રહે. હાત્યાદેલી ગામ, તડવી ફળીયુ, તા.રામા, થાણુ–કાલીદેવી, જી.જાંબુઆ, મધ્યપ્રદેશ |
| આરોપી તર્ફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન વકીલ | **શ્રી ડી.વી.સોલંકી** |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૦/૧૧/૨૦૨૩ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૦/૧૧/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૦૬/૦૯/૨૦૨૪ |
| તાહોમતનામું ઘડ્યાની તારીખ | ૨૪/૦૧/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆત | ૩૦/૦૫/૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૨૧/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | --- |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર છૂટ્યા તારીખ | ગુનાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ–૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંજય ઉર્ફે. સંજુ સ.ઓ. દિતાભાઇ ઉર્ફે દિલીપભાઇ ભુરાભાઇ મોહનીયા | ૦૧/૦૯/૨૦૨૪ | -- | ભા.દં.સં. કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨) તથા પોક્સો એક્ટની કલમ–૪,૬ | નિર્દોષ | ના | |

## ફોર્મ –સી

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લિસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે :–

| નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનાર | આ કામના ભોગ બનનાર | ૨૪ |
| ૨. | ભોગ બનનારના માતા | ફરિયાદી | ૨૮ |
| ૩. | ડો.સમરા મહમદઅમીન સૈયદ | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરનાર | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૪. | નિખિલકુમાર બાબુભાઇ ડાભી | તપાસ કરનાર અમલદાર | ૪૫ |
| ૫. | હિરલ વશરામભાઇ પટેલ | તપાસ કરનાર અમલદાર | ૫૬ |
| ૬. | વાહતાભાઇ સોમાભાઇ પટેલ | તપાસ કરનાર અમલદાર | ૬૨ |

## ફરિયાદપક્ષે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–

| નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન | ૨૫ |
| ૨. | ફરિયાદ | ૨૯ |
| ૩. | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરવાની યાદી | ૩૧ |
| ૪. | ભોગ બનનારના સેમ્પલ કલેક્શન ફોર્મ | ૩૨ |
| ૫. | ભોગ બનનારનો કોન્ફિડેન્સિયલ રીપોર્ટ | ૩૩ |
| ૬. | ભોગ બનનારના ડી.એન.એ. તપાસણી માટે સેમ્પલ લેવા અંગે કરેલ યાદી | ૩૪ |
| ૭. | ભોગ બનનારનું સારવાર સર્ટિફિકેટ મળવા અંગેની યાદી | ૩૫ |
| ૮. | ભોગ બનનારના એમ.એલ.સી. કેસ પેપર્સ | ૩૬ |
| ૯. | ભોગ બનનારની શાળાના આચાર્ય દ્વારા આપવામાં આવેલ સ્થાન્તરણ પ્રમાણપત્ર | ૩૭ |
| ૧૦. | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૩૮ |
| ૧૧. | ભોગ બનનારના મેડિકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ | ૩૯ |
| ૧૨. | ભોગ બનનારના ભૃણ તથા ભોગ બનનારના બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ | ૪૦ |
| ૧૩. | ભોગ બનનારને બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૪૧ |
| ૧૪. | આરોપીના ડી.એન.એ. ટેસ્ટ માટે બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ | ૪૨ |
| ૧૫. | આરોપીને અટક કર્યાનું અને બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૪૩ |
| ૧૬. | સામુહિક આરોગ્ય કેન્દ્ર, કાલાવડ દ્વારા લીધેલ આરોપીના મેડિકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ | ૪૪ |
| ૧૭. | સરકારી પંચો ફાળવવા અંગેની યાદી | ૪૬ |
| ૧૮. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગેની યાદી | ૪૭ |
| ૧૯. | આરોપીની મેડિકલ તપાસણી કરવા અંગેની યાદી | ૪૮ |
| ૨૦. | આરોપીના LVA તથા SDS ટેસ્ટ માટેની યાદી | ૪૯ |

| | | |
|---|---|---|
| ૨૧. | CDR/SDR/IMEI/CAF ની માહિતી મળવા અંગેની યાદી | ૫૦–૫૧ |
| ૨૨. | એફ.એસ.એલ. રાજકોટને મુદ્દામાલ પૃથ્થકરણ કરવા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | ૫૨ |
| ૨૩. | ડી.એફ.એસ. ગાંધીનગરનો મુદ્દામાલ પૃથ્થકરણ કર્યા અંગેનો પત્ર તથા ડી.એન.એ.રીપોર્ટ | ૫૩ |
| ૨૪. | ગુનો રજીસ્ટર કરવા અંગેનો રીપોર્ટ | ૫૭ |
| ૨૫. | સરકારી પંચો ફાળવવા અંગેની યાદી | ૫૮ |
| ૨૬. | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરવા અંગેની યાદી | ૫૯ |
| ૨૭. | ડી.એન.એ. ટેસ્ટ અંગેનું સર્ટિફિકેટ મળવા અંગે એફ.એસ.એલ. ગાંધીનગરને કરેલ યાદી | ૬૦ |
| ૨૮. | એફ.એસ.એલ. ગાંધીનગરને કરેલ મુદ્દામાલ રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૬૧–૬૨ |
| ૨૯. | ભોગ બનનારની શાળાના આચાર્યને સ્થાનાન્તરણ પ્રમાણપત્ર મળવા અંગે કરેલ યાદી | ૬૩ |
| ૩૦. | ભોગ બનનારની શાળાના આચાર્ય દ્વારા આપવામાં આવેલ સ્થાનાન્તરણ પ્રમાણપત્ર | ૬૪ |
| ૩૧. | એફ.એસ.એલ. રાજકોટને કરેલ મુદ્દામાલ રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૬૫ |
| ૩૨. | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૬૬ |
| ૩૩. | એફ.એસ.એલ. રાજકોટ દ્વારા મુદ્દામાલ પૃથ્થકરણ કર્યા અંગેનો ફોરવર્ડીંગ પત્ર તથા સીરોલોજી અને બાયોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૬૭ |
| ૩૪. | એફ.એસ.એલ. ગાંધીનગરને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૬૮ |
| ૩૫. | ડી.એફ.એસ. ગાંધીનગરનો મુદ્દામાલ પૃથ્થકરણ કર્યા અંગેનો પત્ર તથા ડી.એન.એ.રીપોર્ટ | ૬૯ |
| ૩૬. | એફ.એસ.એલ. ગાંધીનગરને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૭૦ |
| ૩૭. | એફ.એસ.એલ. રાજકોટને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૭૧ |
| ૩૮. | એફ.એસ.એલ. રાજકોટ દ્વારા મુદ્દામાલ પૃથ્થકરણ કર્યા અંગેનો ફોરવર્ડીંગ પત્ર તથા સીરોલોજી અને બાયોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૭૨ |
| ૩૯. | એફ.એસ.એલ. મોબાઇલ ઈન્વેસ્ટિગેશન વાનનો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૭૩ |

## -:: ચુ કા દો ::-

**નોંધઃ-** આ ચુકાદામાં નામદાર ઉચ્ચ ન્યાયાલયના સિદ્ધાંત મુજબ, ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેણીનો 'ભોગબનનાર' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરિયાદીની સગીરવયની દીકરી ભોગ બનનાર ઉંમર ૧૩ વર્ષ, ૪ માસવાળીને તા.૧૦/૧૧/૨૦૨૩ ના ફરિયાદ દાખલ થયાના આશરે દોઢેક માસ પહેલા રાત્રીના એકાદ વાગ્યાના સુમારે જેન્તીભાઇ મોહનભાઇ દોંગાની વાડીએ, પ્રભુજી પીપળીયા, તા.કાલાવડ, જિ.જામનગર ખાતે આવેલ ફરિયાદીના રહેણાક મકાને ભોગ બનનાર સુતી હતી ત્યાં મોઢામાં ડૂમો આપી, તેણી સાથે મરજી અને ઇચ્છા વિરુદ્ધ અવાર-નવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી, ઢીકાપાટુનો માર મારી, ભોગ બનનાર અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી વિરુદ્ધ ફરિયાદ કરેલ.

**૨.** આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ મુજબની શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેના આક્ષેપ છે. આ કામના ફરિયાદીએ જામનગર કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનમાં તા.૧૦/૧૧/૨૦૨૩ના રોજ ફરિયાદ નોંધાવતા કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૩૦૨૩૦૬૦૯/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ અન્વયેનો ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ આ કામે જે-તે વખતે આરોપી સંબંધે કોઇ ફળદાયક હકીકત મળેલ ન હોય તપાસ ચાલુ

રહેવાની શરતે વર્ગ–એ સમરી તા.૨૦/૧૨/૨૦૨૩ ના રોજ ભરવામાં આવેલ. જે સમરી નંબર ૫૭૫/૨૦૨૩ નોંધવામાં આવેલી. જે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્બારા મંજૂર રાખવામાં આવેલી. ત્યારબાદ પોલીસે વધુ તપાસ કરી શકમંદ તરીકે હાલના આરોપીને અટક કરેલ અને તા.૬/૯/૨૦૨૪ના રોજ તેની વિરુદ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪ અને ૬ અન્વયેના ગુના અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ, જે અત્રેની અદાલત દ્બારા રજિસ્ટરે લઇ સ્પેશ્યલ (પોક્સો) કેસ નં.૪૮/૨૦૨૪થી નોંધવામાં આવેલ છે.

**૩.** આ કામના આરોપી મુદ્દત તારીખે અદાલત સમક્ષ હાજર થતાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઇઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૨૮ અન્વયે આરોપી વિરુદ્ધ આંક–૮થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪ અને ૬ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આંક–૯થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેમના વિરુદ્ધના ગુનાનો ઇન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

**૪.** આરોપી વિરુદ્ધ આંક–૮થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે ઉપર મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરવા રજૂ કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજૂ કરવો ન હોઇ, આંક–૭૪થી ક્લોઝિંગ પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું

વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીએ તેમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ, અમારી વિરુદ્ધ ખોટી ફરિયાદ કરેલ છે.

**૫.** ત્યારબાદ વિદ્વાન સરકારી વકીલશ્રીએ પ્રોસીક્યુશન તરફે દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. તેમજ ફરિયાદપક્ષના કેસને મેડિકલ પુરાવાથી પણ સમર્થન મળે છે. આમ, આ કામના આરોપીએ ભોગ બનનાર સુતી હતી ત્યાં મોઢામાં ડૂમો આપી, તેણી સાથે મરજી અને ઇચ્છા વિરુદ્ધ અવાર–નવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી, ઢીકાપાટુનો માર મારી, ભોગ બનનાર અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકત ફરિયાદપક્ષના પુરાવાથી સ્પષ્ટ થતી હોઇ, આ કામે ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ હોઇ, આરોપીને સખત કેદની સજા તથા દંડ ફરમાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

**૬.** બચાવપક્ષે વિદ્વાન વકીલશ્રી ડી.વી. સોલંકીએ પોતાની દલીલોમાં રજૂઆત કરતાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોઇ, આ કામના ભોગ બનનાર સગીરવયના હતા તે અંગેનો કોઇ સચોટ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ નથી. આમ, બનાવ સમયે ભોગ બનનાર સગીર હોવાનું માની શકાય તેમ નથી. વધુમાં ફરિયાદીએ ફરિયાદ મોડી આપ્યા અંગેનો કોઇ સંતોષકારક ખુલાસો પોતાની ફરિયાદ કે સોગંદ ઉપરની જુબાનીમાં કરવામાં આવેલ નથી. ભોગ બનનારે પોતાના પુરાવામાં આરોપી કોણ હતો તેની તેઓને ખબર નથી તેમ જણાવેલ. તેમજ ભોગ બનનારની માતા કે જે આ કામના ફરિયાદી તેઓને ફરિયાદપક્ષ દ્વારા હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ.તેમજ એફ.એસ.એલ. ગાંધીનગરનો ડી.એન.એ. રીપોર્ટમાં આરોપી વિરુદ્ધનો કોઇ પુરાવો મળી આવેલ નથી. આમ, આરોપી ઉપર શંકા ઉદ્દભવે છે અને શંકા કાનૂની

પુરાવાનું સ્થાન લઇ શકે નહિ. આમ, આ કામે રેકર્ડ પરનો પુરાવો જોતાં આરોપી ઉપર શંકા ઉદ્ભવે છે. પરંતુ શંકા કાનૂની પુરાવાનું સ્થાન લઇ શકે નહિ. આમ, આરોપી કહેવાતા બનાવમાં નિર્દોષ છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**૭.** આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો તથા કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગ બનનાર બનાવના દિવસે બાળકી હતી એટલે કે, સગીરવયની હતી?

૨. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર ઉંમર ૧૩ વર્ષ, ૪ માસવાળીને તા.૧૦/૧૧/૨૦૨૩ના ફરિયાદ દાખલ થયાના આશરે દોઢેક માસ પહેલા રાત્રીના એકાદ વાગ્યાના સુમારે જેન્તીભાઇ મોહનભાઇ દોંગાની વાડીએ, પ્રભુજી પીપળીયા, તા.કાલાવડ, જિ.જામનગર ખાતે આવેલ ફરિયાદીના રહેણાક મકાને ભોગ બનનાર સુતી હતી ત્યાં મોઢામાં ડૂમો આપી, તેણી સાથે મરજી અને ઇચ્છા વિરુદ્ધ અવાર-નવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી, ઢીકાપાટુનો માર મારી, ભોગ બનનાર અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪ અને ૬ મુજબનો ગુનો કરેલ છે?

૩. શું હુકમ ?

૮. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દાનં. ૧– નકારમાં

મુદ્દાનં. ૨– નકારમાં

મુદ્દાનં. ૩– આખરી હુકમ મુજબ.

૯. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં. ૧ :–**

**૧૦.** હાલના કિસ્સામાં ફરિયાદપક્ષના કેસ મુજબ ભોગ બનનાર એક બાળકી છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૧ મુજબ સગીર એટલે ૧૮ વર્ષથી ઓછી વયની કોઇ સ્ત્રી. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૨(૧)(ડી) મુજબ બાળકની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ કોઇપણ વ્યક્તિ જેની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોય તે. સદર કાયદામાં જે ભોગ બનનાર છે તેની ઉંમર ખૂબ જ અગત્યની છે અને નામદાર સર્વોચ્ચ અદાલતના **જર્નેલસિંઘ વિ. સ્ટેટ ઓફ હરિયાણા**ના ચુકાદા મુજબ ભોગ બનનારની ઉંમરની ચકાસણી અંગે જુવેનાઇલ જસ્ટીશ એક્ટ મુજબની જોગવાઇઓ મુજબનો પુરાવો લઇ તેની પૂર્તતા કરી પુરવાર કરી શકે. સદર ચુકાદાના સિદ્ધાંતો મુજબ જુવેનાઇલ જસ્ટીશ રુલ–૧૨ માં દર્શાવ્યા મુજબ ભોગ બનનારની ઉંમર અંગેની ચકાસણી કરવી જોઇએ. સદર રુલ–૧૨ ની જોગવાઇઓને જુવેનાઇલ જસ્ટીશ (કેર એન્ડ પ્રોટેક્શન) એક્ટની કલમ–૯૪માં સમાવેશ કરવામાં આવેલ છે જેની જોગવાઇઓ નીચે મુજબ છે.

**Section 94 (2) of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2000 reads as under:-**

94(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as thecase may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining —

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

ઉપરોક્ત જોગવાઈ મુજબ કોઈપણ વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે સૌ પ્રથમ શાળામાંથી મેળવેલ જન્મ તારીખનો દાખલો, મેટ્રીક્યુલેશન સર્ટિફિકેટ અથવા કોઈપણ એક્ઝામિનેશને બોર્ડે આપેલ સર્ટિફિકેટના આધારે નક્કી કરી શકાય. જો ઉપરોક્ત દસ્તાવેજ ના હોય તો કોઈપણ કોર્પોરેશન અથવા મ્યુનિસિપાલિટી અથવા પંચાયત તરફથી આપેલ જન્મનો દાખલો અથવા આ કોઈ દસ્તાવેજ ના હોય તો મેડિકલ એઈજ ડીટર્મીનેશન ટેસ્ટના આધારે ઉંમર નક્કી કરી શકાય.

**૧૦.૧** આ તબક્કે સૌ પ્રથમ ભોગ બનનારનો પુરાવો જોવામાં આવે તો તેમને ફરિયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૨૪ થી તપાસેલ છે. જેમાં ભોગ બનનારે પોતાની જન્મ તારીખ યાદ નહિ હોવાનું જણાવેલ. ત્યારબાદ ફરિયાદપક્ષે સાહેદ નં. ૨ આંક–૨૮ થી ફરિયાદી કે જે ભોગ બનનારના માતા છે તેઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં ભોગ બનનારની જન્મ તારીખ યાદ નહિ હોવાનું જણાવેલ. તેમજ તેઓએ ભોગ બનનારની ઉંમર ૧૩ વર્ષની હોવાનું જણાવેલ. આ સિવાય ભોગ બનનારની ઉંમર સંબંધે કોઇ પુરાવો ફરિયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**૧૦.૨** આમ, ફરિયાદપક્ષે ભોગ બનનારની ઉંમર સંબંધે કોઇ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી તેથી મુદ્દા નં.૧ નો જવાબ '**નકાર**'માં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨ :–**

**૧૧.** આ કામે ભોગ બનનારનો પુરાવો જોતાં સાહેદ નંબર ૨ તરીકે આંક–૨૪ થી તપાસેલ છે. ભોગ બનનારના પુરાવામાં આંક–૨૫ થી બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન રજૂ થયેલ છે. તેણીનો પુરાવો લેતાં અગાઉ કોર્ટ દ્વારા તેણીની પ્રાથમિક પુછપરછ કરવામાં આવેલી જેના આધારે કોર્ટને ભોગ બનનાર સોગંદ ઉપર જુબાની આપવા સક્ષમ હોવાનું જણાતા તેણીનો પુરાવો સોગંદ ઉપર લેવામાં આવેલ. ભોગ બનનારના પુરાવા મુજબ બનાવ રાત્રે એક વાગ્યે બનેલો. તેઓ રાત્રે જેન્તીભાઇની વાડીમાં સુતા હતા ત્યારે આરોપીએ તેણીને પકડી લીધેલ. ભોગ બનનાર આરોપીને ઓળખતી નથી અને આરોપીનું નામ તેને ખબર નથી. આરોપીએ તેણીને પકડી તેના કપડા ઉતારી નાખેલા અને બથી કરેલી અને તેણીની સાથે જબરજસ્તી કરેલી. બનાવ અંગેની ફરિયાદ તેની માતાએ આપેલી. ભોગ બનનાર સાથે જે બનાવ બનેલો તે અંગે તેણી પોલીસ સ્ટેશને ગયેલી. પોલીસે તેણીની પુછપરછ

કરી નિવેદન નોંધેલુ. ત્યારબાદ પોલીસ હોસ્પિટલે મેડિકલ ચેકઅપ કરવા અને કોર્ટમાં નિવેદન આપવા લઈ ગયેલા. જયાં જજ સાહેબને તેણીએ બનાવ અંગેની હકીકત લખાવેલી. તેણીએ પોલીસને બનાવ વખતે પહેરેલ કપડા સોંપેલા.

**૧૧.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ભોગ બનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી કોણ હતો તેને તે ઓળખતી નથી. ભોગ બનનારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનાર રાત્રે સુતી હોય ત્યારે આરોપી આવેલ અને તેણે ભોગ બનનારના કપડા કાઢી તેની સાથે જબરજસ્તી કરેલ હોવાની હકીકત ભોગ બનનાર ખોટી જણાવે છે. ભોગ બનનારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ડોકટરશ્રી રુબરુ કોઈ હિસ્ટ્રી આપેલ નથી.

**૧૨.** ફરિયાદપક્ષે આંક-૨૮ થી સાહેદ નં. ૨ કે જે આ કામના ફરિયાદી/ ભોગ બનનારના માતાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવામાં આંક-૨૯ થી ફરિયાદ રજૂ થયેલ છે. ફરિયાદીના પુરાવા મુજબ બનાવ આશરે દોઢ વર્ષ પહેલા બનેલો. તે સમયે તેઓ તેમના વતન મધ્યપ્રદેશમાં હતા. બનાવ અંગે મોબાઈલ ફોન દ્વારા તેમના પુત્રએ જાણ કરેલી. તેમના પુત્રએ જણાવેલ કે, રાત્રીના કોઈક મોંઢે મુંગો બાંધીને આવેલ અને ભોગ બનનારને મારી નાખવાની ધમકી આપેલ અને કંઈક કરેલુ. બીજું કંઈ કહેલ નહિ. તેઓએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. તેઓએ ફરિયાદમાં અજાણી વ્યક્તિ હોય તેવું લખાવેલ. તેઓને કોર્ટ રુબરુ આરોપીને બતાવતા તે જ વ્યક્તિ હતો કે કેમ તેની તેમને ખબર નથી. ફરિયાદ કર્યા બાદ ભોગ બનનારને પ્રથમ કાલાવડ સરકારી દવાખાને લઈ ગયેલ. ત્યારબાદ જામનગર સરકારી દવાખાને લઈ આવેલ. ડોકટરે ભોગ બનનારને બાળક છે તેવું જણાવેલ તેથી તેઓએ ભોગ બનનારને પુછતા ભોગ બનનારે કંઈ જણાવેલ નહિ. આમ, ફરિયાદપક્ષે તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ પણ તેમણે

ફરિયાદમાં કોઇ હકીકત લખાવેલ ન હોવાનું જણાવેલ છે.

**૧૨.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકકીતનો સ્વીકાર કરેલ છે કે, તેમને લખતા વાંચતા આવડતુ નથી. આરોપી તેમનો સાવકો દીકરો છે. ભોગ બનનાર તેમની સગી દીકરી છે. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની ભોગ બનનાર દીકરી તથા આરોપીના પિતા એક જ છે. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની ભોગ બનનાર દીકરી આરોપીને પહેલેથી સારી રીતે ઓળખે છે. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની દીકરીએ તેમને વાત કરી ત્યારે આરોપીનું નામ લખાવેલ નથી. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ પોલીસ રુબરુ લખાવેલ ફરિયાદમાં અજાણી વ્યક્તિનું નામ લખાવેલુ. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ નિવેદન લખાવેલ નથી. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીએ ભોગ બનનારને કોઇ ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

**૧૩.** ફરિયાદપક્ષે આંક-૩૦ થી સાહેદ નં. ૩ ભોગ બનનારની મેડિકલ તપાસણી કરનાર ડો.સમરા મહમદ અમીન સૈયદને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવામાં આંક-૩૧ થી ૩૬ સુધીના મેડિકલ પેપર્સ રજૂ થયેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તા.૦૯/૧૧/૨૦૨૩ના રોજ તેઓ જામનગર જી.જી.હોસ્પિટલમાં ગાયનેક તરીકે ફરજ પર હાજર હતા, દરમિયાન ભોગ બનનારને એમ.એલ.સી. નંબર ૧૧૧૪૧/૨૩ થી મહિલા કોન્સ્ટેબલ પોલીસ યાદી સાથે મેડિકલ તપાસણી કરવા માટે લઇ આવેલા. ભોગ બનનારને તેમની પાસે લાવેલ હતા ત્યારે તેની સ્થિતિ નોર્મલ હતી અને કપડા બદલી લીધેલ હતા તથા નાહી લીધેલ હતુ. ભોગ બનનારને બનાવ અંગેની હિસ્ટ્રી પુછતા તેણીએ જણાવેલ કે "આશરે બે થી ત્રણ મહીના અગાઉ જ્યારે ભોગ બનનારના માતા-પિતા તેમના વતન એમ.પી. મુકામે ગયેલા હતા ત્યારે એક રાત્રે એક અજાણ્યો વ્યકિત

ભોગ બનનારને વાડીમાં લઈ જઇ તેણીની સાથે ગર્ભનિરોધક સાધન વગર બળજબરીથી શારીરિક સંબંધ બાંધેલો. આ વાતની જાણ ભોગ બનનારે તેના માતા–પિતાને કરેલ ન હતી. ત્યારબાદ તા.૯/૧૧/૨૦૨૩ ના રોજ ભોગ બનનારને લોહી પડવા લાગતા તેણીને કાલાવાડ હોસ્પિટલ લઈ ગયા. ત્યાંથી જામનગર જી.જી.હોસ્પિટલ ખાતે રીફર કરેલ. જી.જી.હોસ્પિટલ ખાતે પ્રેગનેન્સી ટેસ્ટ પોઝીટીવ આવેલ એટલે પોલીસને જાણ કરેલ. ભોગ બનનારને મેડિકલ તપાસણી કરી, જરુરી નમુના લઇ સાથે આવેલ પોલીસને સીલબંધ હાલતમાં સોંપી આપેલા. તેમજ ભોગ બનનારના જરુરી નમુના લઈ જામનગર જી.જી.હોસ્પિટલમાં માઇક્રોબાયોલોજી તથા પેથોલોજી વિભાગમાં પરિક્ષણ અર્થે મોકલેલા જેનો રિપોર્ટ નોર્મલ આવેલો. ભોગ બનનારનો સોનોગ્રાફી રિપોર્ટમાં ૨.૩x૨.૧ સે.મી.નો ઈકોજેનીક કન્ટેન્ટ જોવા મળેલ. આ ડોક્ટર સાહેદે ભોગ બનનાર સાથે શારીરિક સંબંધ બાંધ્યા હોવા અંગેનો અભિપ્રાય આપેલ.

**૧૩.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૩૩ માં લખેલ હિસ્ટ્રી ભોગ બનનારને પુછીને લખેલ છે. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારને જ્યારે તેમની સમક્ષ લાવવામાં આવેલ ત્યારે તેમને ગુપ્ત ભાગે બ્લીડીંગ થતુ હતુ. ભોગ બનનારને મિસ્ડ એબોશન થયેલ હતુ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારે તેમની રુબરુની હિસ્ટ્રીમાં કોઇ વ્યક્તિનું નામ લખાવેલ નથી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની હિસ્ટ્રી મુજબ બનાવ બે થી ત્રણ માસ અગાઉ બનેલો. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની સ્થિતિ સામાન્ય હતી.

**૧૪.** ફરિયાદપક્ષે આંક–૪૫ થી સાહેદ નં.૪ તપાસ કરનાર અમલદાર નિખિલકુમાર બાબુભાઇ ડાભીને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના

પુરાવામાં આંક–૪૬ થી ૫૪ સુધીના દસ્તાવેજો રજૂ થયેલા છે. આ સાહેદના પુરાવા મુજબ સને ૨૦૨૩માં કાલાવડ ટાઉન પો.સ્ટે. ખાતે પી.આઈ તરીકે તેઓ ફરજ પર હતા. દરમિયાન તેઓના પો.સ્ટે.ના ફ.ગુ.રજી.નં.૦૬૦૯/૨૦૨૩, આઇ.પી.સી.કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨) તથા પોકસો એકટ કલમ–૪ મુજબના ગુનાની ફરિયાદ પી.આઇ. એચ.વી.પટેલે લીધેલ હતી. જે ફરિયાદ અન્વયે ગુનો દાખલ થયા બાદ આગળની તપાસ પી.આઇ. વી.એસ.પટેલે સંભાળેલ અને બાદ વધુ તપાસ તેઓએ સંભાળેલ. તપાસના કામે તમો આરોપી ઘણા સમયથી ન મળી આવેલ હોય તમો વિરુદ્ધ 'અ' સમરી ભરી આપવામાં આવેલ જેથી તેઓએ આરોપીની શોધખોળ કરેલ અને આરોપી મળી આવતા બે સરકારી પંચોની હાજરીમાં તેની અટકનું પંચનામુ કરેલ તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ ત્યારબાદ આરોપીની અટકની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગેની યાદી કરેલ અને આરોપીની મેડિકલ તપાસણી સારુ મોકલી આપેલ. ત્યારબાદ આરોપીના એલ.વી.એ. તથા એસ.બી.એસ ટેસ્ટ કરવા સંબંધે યાદી કરેલ. આરોપીના સી.ડી.આર. મેળવવા યાદી કરેલ અને એફ.એસ.એલ.નો રીપોર્ટ મેળવવા તજવીજ કરેલ. તપાસના કામે ભોગ બનનાર, તેના પિતા, ગામના સરપંચ વિગેરેના નિવેદનો લીધેલ. ત્યારબાદ આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલ.

**૧૪.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, તેમને તપાસ મળતા તેઓએ કેસ પેપર્સનો અભ્યાસ કરેલ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તપાસ દરમિયાન તેઓને જણાયેલ કે, ભોગ બનનાર અને આરોપી સાવકા ભાઇ–બહેન થતા હતા. તેઓએ ડી.એન.એ. રીપોર્ટનો અભ્યાસ કરેલો. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારના ગર્ભનું ડી.એન.એ. અને આરોપીનું ડી.એન.એ. મેચ થતુ ન હતુ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારે ડોકટરશ્રી રુબરુ લખાવેલ હિસ્ટ્રીમાં અજાણ્યો વ્યક્તિ જણાવેલ છે.

**૧૫.** ફરિયાદપક્ષે આંક–૫૬ થી સાહેદ નં.૫ આ ગુનાની ફરિયાદ લેનાર અને તપાસ કરનાર અમલદાર હિરલ વશરામભાઇ પટેલને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવામાં આંક–૫૭ થી ૬૨ સુધીના દસ્તાવેજો રજૂ થયેલા છે. આ સાહેદના પુરાવા મુજબ સને ૨૦૨૩માં કાલાવડ ટાઉન પો.સ્ટે. ખાતે તેઓ ઇ/ચા. પી.આઈ તરીકે ફરજ પર હતા. દરમિયાન તપાસના કામે જી.જી.હોસ્પિટલની વર્ધીના કામે તેઓ રુબરુની ફરિયાદ લઈ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેઓએ જાતે સંભાળી લીધેલ. ત્યારબાદ ભોગ બનનારની મેડિકલ તપાસણી અને ડી.એન.એ. તપાસણી માટે જી.જી.હોસ્પિટલને યાદી કરેલ. ભોગ બનનારના માતાએ પોકસો કોર્ટમાં ગર્ભ ટર્મીનેટ માટે અરજી કરેલ હોય જે બાબતે કોર્ટ દ્વારા આપેલ યાદીની બજવણી કરેલ. ત્યારબાદ સરકારી પંચો ફાળવવા માટે રીપોર્ટ કરેલ અને બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ. તેમજ સાહેદોના નિવેદનો લીધેલ. હોસ્પિટલ તરફથી મેડિકલ તપાસ દરમિયાન ડોકટર સાહેબે લીધેલ સીલબંધ સેમ્પલો આવતાં પંચનામુ કરી કબ્જે કરેલ. ભોગ બનનારનું ડી.એન.એ. સેમ્પલ આવી જતાં એફ.એસ.એલ.માં મોકલવા માટે રવાનગી તૈયાર કરેલ અને મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ તેમજ ભોગ બનનારનું પ્રશ્નોતરી સ્વરુપે નીવેદન લીધેલ. ત્યારબાદ આગળની વધુ તપાસ પી.આઇ.વી.એચ.પટેલને સોંપેલ.

**૧૫.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદીએ ફરિયાદ વિલંબથી લખાવ્યાનો કોઈ ખુલાસો જણાવેલ નહીં. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર અને આરોપી સાવકા ભાઇ–બહેન થતા હતા.

**૧૬.** ફરિયાદપક્ષે આંક–૬૨ થી સાહેદ નં.૬ અન્ય તપાસ કરનાર અમલદાર વાહતાભાઇ સોમાભાઇ પટેલને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવામાં આંક–૬૩ થી ૭૩ સુધીના દસ્તાવેજો રજૂ થયેલા છે. આ સાહેદના પુરાવા મુજબ સને ૨૦૨૩ માં જામનગર ખાતે કાલાવડ ટાઉન

પો.સ્ટે. ખાતે પી.આઈ તરીકે તેઓ ફરજ પર હતા. દરમિયાન તેઓના પો.સ્ટે.ના ગુના રજી. નં.૦૬૦૯/૨૦૨૩, આઇ.પી.સી.કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબના ગુનાની ફરિયાદ શ્રી એચ.વી.પટેલ ઇ/ચા. પી.આઇ.એ લીધેલ હતી અને આગળની તપાસ તેમણે સંભાળેલ હતી. તેઓની આગળની તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના લખાવ્યા મુજબના તેમના રુબરુના નિવેદન લીધેલ હતા. આ કામે ભોગ બનનારના ભાઈનું નિવેદન લીધેલ. ભોગ બનનારના કપડા કબ્જે કર્યાનું પંચનામુ કરી એફ.એસ.એલ. પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવેલ અને તે અંગેનો અભિપ્રાય મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ભોગ બનનારનો ઉંમરના પુરાવા તરીકે સ્થાનાન્તરણ પ્રમાણપત્ર વેરીફીકેશન કરાવવા યાદી કરેલ અને તે અંગેના વેરીફીકેશન પ્રમાણપત્રની નકલ કામમાં સામેલ રાખેલ. શંકમંદ ઈસમનો ડી.એન.એ. પ્રોફાઈલ અંગેનું પ્રમાણપત્ર અગ્રતાક્રમમાં મળવા અંગે યાદી કરી તેમજ ડી.એન.એ. પ્રોફાઈલ મેળવી આ કામે સામેલ રાખેલ. આરોપી બાબતે કોઈ હકીકત મળી ન આવતાં વધુ તપાસમાં રહેવાની શરતે વર્ગ–'અ' સમરી ભરવામાં આવેલ. ફરિયાદીને સી.આર.પી.સી.કલમ–૧૭૩ મુજબની સમજ કરેલી.

**૧૬.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી અને ભોગ બનનાર સાવકા ભાઇ–બહેન થાય છે. સાહેદ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરિયાદને અનુરુપ સાહેદોના નિવેદન જાતે લખી લીધેલ.

**૧૭.** આ કામે આંક–૩૭ થી રજુ ભોગ બનનારની શાળા દ્વારા આપવામાં આવેલ સ્થાનાન્તરણ પ્રમાણપત્ર, આંક–૩૮ થી રજૂ બનાવવાળી જગ્યાનું પંચનામુ, આંક–૩૯ થી રજૂ ભોગ બનનારના મેડિકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ, આંક–૪૦ થી રજૂ ડી.એન.એ. સેમ્પલ કર્યાનું પંચનામુ, આંક–૪૧ થી રજૂ ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા

કબજે કર્યાનું પંચનામુ, આંક–૪૨ થી આરોપીના ડી.એન.એ. ટેસ્ટ માટે બ્લડ સેમ્પલ કબજે કર્યા અંગેનું પંચનામુ, આંક–૪૩ થી રજૂ આરોપીને અટક કર્યા અંગેનુ અને તેઓએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ, આંક–૪૪ થી રજૂ આરોપીના સામુહીક આરોગ્ય કેન્દ્ર, કાલાવડ દ્વારા લીધેલ મેડિકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ રજૂ છે. જે તમામ બચાવપક્ષ દ્વારા કબુલ કરવામાં આવેલ.

૧૮. આમ, ઉપરોક્ત તમામ પુરાવો જોતાં ભોગ બનનાર પોતે આરોપી કોણ હતો તે બાબતે ખબર ન હોવાનું જણાવેલ છે. તદ્ઉપરાંત તેમના માતા કે જે ફરિયાદી છે તેમને પણ ફરિયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને આરોપીનું કોઇ નામ દર્શાવેલ નથી. તેમની આંક–૨૯ થી રજૂ ફરિયાદ હકીકત જોતાં તેમાં પણ તે ફરિયાદ અજાણ્યા ઇસમ વિરુદ્ધ આપેલાનું જણાય છે. તેવી જ રીતે ડોક્ટરશ્રી રુબરુની હિસ્ટ્રી કે જે આંક–૩૩ થી લખી લેવામાં આવેલ છે. તેમાં પણ અજાણ્યા ઇસમનો ઉલ્લેખ કરેલ છે. આમ, તમામ દસ્તાવેજો જોતાં ક્યાંય પણ હાલના આરોપીનું નામ જાહેર થતું નથી. વધુમાં આંક–૫૩ થી રજૂ થયેલ ડી.એન.એ. રીપોર્ટ જોતાં ભોગ બનનારના ભ્રુણની સાથે હાલના આરોપીના ડી.એન.એ. સંબંધે કોઇ અભિપ્રાય રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, હાલના આરોપીને સદર ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઇ પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જે તમામ હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તેથી મુદ્દા નં.૨ નો જવાબ '**નકાર**'માં આપી મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **–:: હુ ક મ ::–**

૧. આ કામના આરોપી સંજય ઉર્ફ. સંજુ સ.ઓ. દિતાભાઇ ઉર્ફે દિલીપભાઇ ભુરાભાઇ મોહનીયા, રહે.હાલ રાવકીગામ, સુરપી ગેટ પાસે, ઝુંપડામાં, તા.લોધિકા, જિ.રાજકોટ મુળ રહે. હાત્યાદેલી ગામ, તડવી ફળીયુ,

તા.રામા, થાણુ–કાલીદેવી, જી.જાંબુઆ, મધ્યપ્રદેશ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૩૭૬(૩), ૩૨૩, ૫૦૬(૨) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪ અને ૬ મુજબના ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના જામીન આપવા. આ જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

**૩.** આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નિકાલ કરવો. અને જો અપીલ થાય તો અપીલ અદાલતના હુકમ મુજબ નિકાલ કરવો.

**૪.** નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં. એ/૧૨૫૫/૨૦૨૬, તા.૨૯/૪/૨૦૨૬ મુજબ આ ચુકાદાની એક નકલ સરકારી વકીલશ્રી મારફત પોલીસ એજન્સી દ્વારા ભોગ બનનારને વિના મૂલ્યે પૂરી પાડી, નકલ મળ્યા અંગેની પહોંચ કોર્ટમાં રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૪થી, માહે જુન, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૪/૦૬/૨૦૨૬
સ્થળ: જામનગર
*U.B.Mori*

**(રોબિન પી. મોગેરા)**
વિશેષ (પોક્સો) ન્યાયાધીશ
અને અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ01539

......